અપીલ અરજી નં.૨૮૬ તા .૨૧–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) તા. ૨૬–૮–૧૧ના રોજ જુની.ઈજનેર ટંડેલે પાલનપુર પાટીયા સ્થિત પુનિતનગર શોપીંગ સેન્ટરમાં આવેલ હેમરાજ પાર્લરની બાજુની અગરબત્તીનું વેચાણ કરતી પતરાંવાળી મિલ્કતનું ડીમોલેશન કર્યુ તે ડીમોલેશન કરવા બાબતે કાર્યપાલક ઈજનેર જરીવાળાએ કરેલ હુકમની નકલ આપશો તથા આ હુકમ જે ફરિયાદના આધારે કરવામાં આવ્યો હોય તે ફરિયાદ પત્રની નકલ આપશો વિ. મુદૃા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૮૬/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૯–૮–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) તા. ૨૬–૮–૧૧ના રોજ જુની.ઈજનેર ટંડેલ ે પાલનપુર પાટીયા સ્થિત પુનિતનગર શોપીંગ સેન્ટરમાં આવેલ હેમરાજ પાર્લરની બાજુની અગરબત્તીનું વેચાણ કરતી પતરાંવાળી મિલ્કતનું ડીમોલેશન કર્યુ તે ડીમોલેશન કરવા બાબતે કાર્યપાલક ઈજનેર જરીવાળાએ કરેલ હુકમની નકલ આપશો તથા આ હુકમ જે ફરિયાદના આધારે કરવામાં આવ્યો હોય તે ફરિયાદ પત્રની નકલ આપશો વિ. મુદૃા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન)ના પત્ર નં. આઉટવર્ડ નં./૫૯૦ તા.૨૦–૯–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૧– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદૃા નં.૧ની ફરિયાદ તથા ડીમોલેશન હુકમ, નોંધ–વિભાગની દફતરી વિગત નકલ સહ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૬૮ તા.૧–૧૦–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૭૧૦ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોનષ્આરટીઆઈ સેલ/આ.નં.૫૯૦ તા.૨૦–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી પાલનપુર પાટીયા સ્થિત પુનિતનગર શોપીંગ સેન્ટરમાં આવેલ હેમરાજ પાર્લરની બાજુની અગરબત્તીનું વેચાણ કરતી પતરાવાળી મિલ્કતનું ડીમોલીશન , નોટીસ, વહીવટી ચાર્જ અને માલસામાન વિગેરેની મુદૃા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૯૦ તા.૨૦–૯–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને મુદૃા નં.૧ થી ૩ ની માહિતી આપવામાં આવેલ. જે અંગે અરજદારે મુદૃા ન.૧ માં ફરીયાદની નકલ તથા ડીમોલીશન કરવા અંગેના હુકમની નકલ માંગેલ છે જે નથી આપી તેવું જણાવી તા.૨૧–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદૃા નં.(૧) તા. ૨૬–૮–૧૧ના રોજ જુની.ઈજનેર ટંડેલે પાલનપુર પાટીયા સ્થિત પુનિતનગર શોપીંગ સેન્ટરમાં આવેલ હેમરાજ પાર્લરની બાજુની અગરબત્તીનું વેચાણ કરતી પતરાંવાળી મિલ્કતનું ડીમોલેશન કર્યુ તે ડીમોલેશન કરવા બાબતે કાર્યપાલક ઈજનેર જરીવાળાએ કરેલ હુકમની નકલ આપશો તથા આ હુકમ જે ફરિયાદના આધારે કરવામાં આવ્યો હોય તે ફરિયાદ પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૨૬–૮–૧૧ ના રોજ જુની. ઈજનેર ટંડેલે પાલનપુર પાટીયા સ્થિત પુનિતનગર શોપીંગ સેન્ટરમાં આવેલ હેમરાજ પાર્લરની બાજુની અગરબત્તીનું વેચાણ કરતી પતરાવાળી મિલ્કતનું ડીમોલીશન તા.૨૪–૩–૧૧ ના રોજ કરવામાં આવેલ હતું અને તે વખતે બાંહેધરી સાથે રૂા.૨૫,૦૦૦/– ડીપોઝીટ પેટે વસુલ લેવામાં આવેલ હતાં ત્યાર બાદ ફરી બાંધકામ કરી દેતા તા.૨૬–૮–૧૧ ના રોજ બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જેમાં અરજદારે ફરીયાદની નકલ તથા ડીમોલીશન કરવાના હુકમની નકલ માંગેલ છે તે નહીં મળ્યા અંગે અપીલમાં જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. તે અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી હોય તો ડીમોલીશનની હુકમની નકલ પૂરી પાડવાની રહે. તથા ફરીયાદની નકલ બાબતે જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટના કલમ–૮(૧)(જ) અપવાદ હેઠળ આવતું હોય તો તે ધ્યાને લઈ લીધેલ નિર્ણયની હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે. મુદૃા નં.(૨) જુની. ઈજનેર ટંડેલે તેમના અત્યાર સુધી કાર્યકાળમાં (રાંદેરઝોન) માં જે જે ગેરકાયદેસર મિલ્કતધારક નોટીસો ફટકારી હોય તે નોટીસોની નકલો આપશો. તથા નોટીસ ફટકાર્યા બાદ તેમણે

કયાં કયાં બાંધકામોનું ડીમોલીશન કર્યુ તેનીબાંધકામધારકનું નામ સરનામું ડીમોલીશન કર્યા તારીખ તથા વસુલ કરેલ વહીવટી ચાર્જ સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જુની. ઈજનેર ટંડેલના કાર્યકાળમાં કોઈ ગેરકાયદેસરની નોટીસ આપવામાં આવેલ નથી. રાંદેર ટીકા નં.૯, નોંધ નં.૭/બી માં તા.૨૪–૬–૧૧ નારોજ ડીમોલીશન કરવામાં આવેલ છે. જેમાં રૂા.૭૫,૦૦૦/– વહીવટી ચાર્જ તરીકે વસુલ લેવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) જુની. ઈજનેર ટંડેલે તેમના અહીંના ફરજકાળ દરમ્યાન જે જે ગેરકાયદેસર ઉભી થયેલ મિલકતોનું ડીમોલીશન કર્યુ હોય તેમાં મિલ્કતોનું ડીમોલીશન કર્યા બાદ કેટલો કેટલો સામાન આપના વિભાગે જપ્ત કર્યો તથા જપ્ત કરેલ સામાન હાલમાં કયા સ્થળે રાખવામાં આવેલો છે તેની મિલ્કતોવાઈઝ વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત મુદ્દા નં.(૧) અને (૨) માં જણાવેલ મિલ્કતનું ડીમોલીશન કરવામાં આવેલ. જેમાં જપ્ત માલ સામાન દબાણ ડેપોમાં રાખવામાં આવેલ છે. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ ની ફરીયાદની હકીકતમાં જણાવ્યા અનુસારની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ હોઈ ડીમોલીશનના હુકમ અંગે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા તથા ફરીયાદની નકલ અંગે કાયદાની કલમ–૮(૧)(જ) હેઠળનો કેસ છે કે કેમ? ચકાસી યોગ્ય તે નિર્ણય લઈ અરજદારને માહિતી પૂરી પાડવા કે વિકલ્પે લીધેલ નિર્ણયથી અવગત કરવા અને તેની જાણ અત્રે કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,